**પૂરના પાણી વચ્ચે નદી કિનારે રમતી બાળકી પર મગરનો હુમલો, ગ્રામજનોમાં ભયનો માહોલ**

# વિશ્વામિત્રીમાં મગરનો હુમલો: બાળકીને ખેંચી જતાં મેઢાદ ગામમાં શોકનો માહોલ

**ફાયરબ્રિગેડ**, પોલીસ અને તરવૈયાઓનું સર્ચ ઓપરેશન શરૂ; નદી કિનારાના ગામોને સતર્ક રહેવા અપીલ



(પ્રતિનિધિ) વડોદરા,તા.2

પાદરા તાલુકાના મેઢાદ ગામમાંથી પસાર થતી વિશ્વામિત્રી નદીમાં પૂરની સ્થિતિ વચ્ચે મગરના હુમલાની હૃદયદ્રાવક ઘટના સામે આવી છે. 12 વર્ષની હેતલ રાઠોડ નદી કિનારે હતી ત્યારે અચાનક મગરે તેના પર હુમલો કરી જડબામાં દબાવી નદીમાં ખેંચી ગયો હતો. ઘટનાની જાણ થતાં જ મોટી સંખ્યામાં ગ્રામજનો નદી કિનારે દોડી આવ્યા હતા. સરપંચ, તલાટી અને સ્થાનિક પોલીસ પણ તાત્કાલિક સ્થળ પર પહોંચ્યા હતા. બાળકીની શોધખોળ માટે ફાયરબ્રિગેડ અને તરવૈયાઓની ટીમોને બોલાવી વિશ્વામિત્રી નદીમાં સર્ચ ઓપરેશન શરૂ કરવામાં આવ્યું હતું. ઘટનાને પગલે સમગ્ર મેઢાદ ગામમાં ગમગીની અને ભયનો માહોલ છવાઈ ગયો છે. તંત્રએ નદી કિનારાના ગામોના લોકોને ખાસ સતર્ક રહેવા, બાળકોને નદીથી દૂર રાખવા તેમજ પૂરની સ્થિતિ દરમિયાન નદીમાં પ્રવેશ ન કરવા અપીલ કરી છે. હાલ બાળકીની શોધખોળ યુદ્ધના ધોરણે ચાલુ છે.

### જાબુવા ગામમાં પૂરની સ્થિતિ, મગરની દહેશત

ઉપરવાસમાં ભારે વરસાદને કારણે ઢાઢર અને જાબુવા નદીમાં ઘોડાપૂર આવતા જાબુવા ગામમાં પૂર જેવી સ્થિતિ સર્જાઈ છે. આશરે 200 મકાનોમાં પાણી ઘૂસતાં લોકો મુશ્કેલીમાં મુકાયા છે. તંત્રએ બ્રિજ બંધ કરી રેસ્ક્યુ ટીમ તૈનાત કરી છે. પૂરના પાણી સાથે મગર દેખાતા ગ્રામજનોમાં ભયનો માહોલ ફેલાયો છે.

### દુમાડમાં રાત્રે મગર ઘૂસતા દહેશત :રેસ્ક્યુ

વડોદરા શહેરમાંથી પસાર થતી વિશ્વામિત્રી નદીનું જળસ્તર સતત વધી રહ્યું હોવાથી આસપાસના વિસ્તારોમાં મગરો દેખાવાની ઘટનાઓ વધી રહી છે. આવી જ એક ઘટનામાં દુમાડ ગામમાં મોડી રાત્રે વિશાળ મગર ઘૂસી આવતાં સ્થાનિકોમાં ભારે દહેશત ફેલાઈ હતી. જાણ થતાં જ વન વિભાગ અને રેસ્ક્યુ ટીમ ઘટનાસ્થળે પહોંચી હતી. લગભગ એક કલાકની જહેમત બાદ મગરને સુરક્ષિત રીતે પકડી નજીકના સલામત સ્થળે છોડવામાં આવ્યો હતો. સમયસરની કામગીરીને કારણે કોઈ જાનહાનિ થઈ નહોતી.

## અંકોડિયા કેનાલ રોડ પરથી ૯.૪૬ કિલો ગાંજા સાથે ત્રણ ઝડપાયા



(પ્રતિનિધિ) વડોદરા તા.2

વડોદરાની લક્ષ્મીપુરા પોલીસે અંકોડિયા કેનાલ રોડ પરથી ત્રણ શખ્સોને 9.46 કિલોગ્રામ ગાંજા સાથે ઝડપી પાડી મોટી કાર્યવાહી હાથ ધરી છે. પેટ્રોલિંગ દરમિયાન શંકાસ્પદ હાલતમાં ફરતા ત્રણેયની તપાસ કરતાં તેમની પાસેથી ગાંજાનો જથ્થો મળી આવ્યો હતો. પોલીસે ગાંજા ઉપરાંત એક મોટરસાયકલ, ત્રણ મોબાઈલ ફોન અને પ્લાસ્ટિકની થેલીઓ સહિત કુલ રૂ.4.54 લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. પ્રાથમિક તપાસમાં આરોપીઓએ આર્થિક લાભ માટે અજાણ્યા વ્યક્તિ પાસેથી ગાંજો લાવ્યાનું સામે આવ્યું છે. પોલીસે બિટ્ટુકુમાર મહતો, વિશાલકુમાર રાય અને ઉમેશકુમાર મહતો (હાલ ગોત્રી, વડોદરા) સામે એનડીપીએસ એક્ટ હેઠળ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

## સંક્ષિપ્ત સમાચાર

### વાડીમાં બાઈક પર જઈ રહેલા યુવક પર જીવલેણ હુમલો, ત્રણ અજાણ્યા સામે ગુનો

**વડોદરા :** વડોદરા શહેરના વાડી પોલીસ સ્ટેશન વિસ્તારમાં બાઈક પર જઈ રહેલા યુવક પર ત્રણ અજાણ્યા શખ્સોએ હથિયારો સાથે જીવલેણ હુમલો કરતાં વિસ્તારમાં ચકચાર મચી હતી. ફરિયાદી ગબ્બરસિંગ જંગસિંગ બાવરી ગીતા મંદિર સ્કૂલ નજીક પ્રતાપનગર રોડ પરથી પસાર થઈ રહ્યા હતા ત્યારે પાછળથી બાઈક પર આવેલા ત્રણ શખ્સોએ તેમની બાઈક અટકાવી હતી. ત્યારબાદ ગાળો આપી વાળ પકડી બે શખ્સોએ લોખંડની પાઈપ વડે અને એક શખ્સે ગડદા-પાટુથી હુમલો કર્યો હતો. હુમલામાં ફરિયાદીને હાથ-પગ સહિત શરીરના વિવિધ ભાગે ફ્રેક્ચર સહિત ગંભીર ઈજાઓ પહોંચતા સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. હુમલા બાદ ત્રણેય શખ્સો ફરાર થઈ ગયા હતા. વાડી પોલીસે ફરિયાદના આધારે BNSની સંબંધિત કલમો તેમજ GP એક્ટ હેઠળ ગુનો નોંધી હુમલાખોરોની શોધખોળ શરૂ કરી વધુ તપાસ હાથ ધરી છે.

### માંડવા ગામે માર્ગ પર માટી તણાઈ આવતાં વાહનવ્યવહાર ખોરવાયો, કલાકમાં રસ્તો ખુલ્લો

**વડોદરા :** શિનોર તાલુકાના માંડવા ગામમાં ભારે વરસાદના કારણે ખેતરોની માટી માર્ગ પર તણાઈ આવતાં વાહનવ્યવહાર અસ્થાયી રીતે પ્રભાવિત થયો હતો. માર્ગ પર મોટી માત્રામાં માટી જમા થતાં વાહનોની અવરજવર બંધ જેવી સ્થિતિ સર્જાઈ હતી અને સ્થાનિક લોકોને હાલાકીનો સામનો કરવો પડ્યો હતો. ઘટનાની જાણ થતાં તાલુકા તંત્ર તાત્કાલિક હરકતમાં આવ્યું હતું. જરૂરી મશીનરી અને માનવબળને સ્થળ પર મોકલી માર્ગ પર જમા થયેલી માટી દૂર કરવાની કામગીરી યુદ્ધના ધોરણે હાથ ધરવામાં આવી હતી. માર્ગની સલામતી જાળવી ઝડપથી અવરોધ દૂર કરવામાં આવ્યો હતો. તંત્રની સમયસર કામગીરીના પરિણામે માત્ર એક કલાકમાં જ માર્ગ સંપૂર્ણપણે વાહનવ્યવહાર માટે ખુલ્લો કરી દેવાયો હતો..

### દુર્ગમ વિસ્તારમાં આરોગ્ય વિભાગની સતર્કતાથી સગર્ભા અને શિશુનો જીવ બચ્યો

**વડોદરા :** વરસાદી માહોલ અને પૂર સંભાવિત દુર્ગમ વિસ્તારમાં આરોગ્ય વિભાગની સમયસર કામગીરીથી ગંભીર એનિમિયાથી પીડાતી સગર્ભા મહિલા અને તેના ગર્ભસ્થ શિશુનો જીવ બચી ગયો હતો. હાડોદ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર હેઠળના વિસ્તારમાં ખેતમજૂરી કરતી મહિલાની નિયમિત તપાસ દરમિયાન હિમોગ્લોબિન માત્ર 8 ગ્રામ ટકા હોવાનું સામે આવ્યું હતું. સ્થિતિ ગંભીર જણાતા મહિલા આરોગ્ય કાર્યકરે વિલંબ કર્યા વિના મહિલાનું મૂલ્યાંકન કરી તેને તાત્કાલિક હાડોદ પીએચસી ખાતે રીફર કરી હતી. ત્યાં તબીબોએ જરૂરી સારવાર, આયર્ન સપ્લિમેન્ટ્સ અને યોગ્ય માર્ગદર્શન આપતા સંભવિત જોખમ ટળી ગયું હતું.

### દશામાં માતાજીની યાત્રામાં ફાયર સ્ટંટ દરમિયાન યુવાન દાઝતા અફરાતફરી

**વડોદરા :** આગામી 13 ઓગસ્ટથી શરૂ થતાં દશામાં વ્રતને લઈને વડોદરા શહેરમાં ભક્તિમય માહોલ જોવા મળી રહ્યો છે. વિવિધ વિસ્તારોમાં જાહેર દશામાં ઉત્સવ સમિતિઓ દ્વારા માતાજીની આગમન યાત્રાઓનું આયોજન કરવામાં આવી રહ્યું છે. આ દરમિયાન શહેરમાં નીકળેલી એક ભવ્ય યાત્રામાં ફાયર સ્ટંટ કરતી વખતે એક યુવાન અચાનક આગની ઝાળમાં લપેટાઈ જતાં પળભરમાં અફરાતફરી મચી હતી. ઘટનાને જોઈ યાત્રામાં જોડાયેલા લોકો અને સાથી યુવાનો તરત જ બચાવ માટે દોડી આવ્યા હતા અને યુવાનને આગમાંથી સુરક્ષિત બહાર કાઢ્યો હતો. સદભાગ્યે સમયસર બચાવ થતાં મોટી દુર્ઘટના ટળી હતી.

### જગદીશ ફરસાણના નામે છેતરપિંડીનો આરોપ, પિતા-પુત્ર સામે પોલીસ ફરિયાદ

**વડોદરા :** વડોદરાની જાણીતી જગદીશ ફરસાણ બ્રાન્ડના ટ્રેડમાર્ક, વેબસાઈટ અને ઐતિહાસિક માહિતીનો ગેરકાયદે ઉપયોગ કરવાના આરોપસર રેલવે સ્ટેશન સામે ઈસ્કોન જનમહલમાં દુકાન ધરાવતા રાજુ શાહ અને આશિષ શાહ સામે પોલીસ ફરિયાદ નોંધાઈ છે. ફરિયાદ મુજબ બંનેએ નકલી વેબસાઈટ બનાવી બ્રાન્ડની ઓળખનો દુરુપયોગ કરી બોગસ ફ્રેન્ચાઈઝીઓ મારફતે હલકી ગુણવત્તાનો માલ વેચાણ કર્યો હતો તેમજ પ્રતિષ્ઠિત કંપનીઓ સાથે પણ મૂળ બ્રાન્ડના નામે વ્યવહાર કર્યો હતો. કંપનીના સંચાલક કલ્પેશભાઈ કંદોઈએ જણાવ્યું કે 1938થી સ્થાપિત બ્રાન્ડની પ્રતિષ્ઠાને નુકસાન પહોંચાડવાના પ્રયાસ સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરાઈ છે.

### BAPS અટલાદરામાં વ્યસનમુક્તિ સંકલ્પ કાર્યક્રમ: 1250થી વધુ યુવાનો જોડાયા

**વડોદરા :** ભારત સરકારના 'નશામુક્ત વિકસિત ભારત' અભિયાન અંતર્ગત વડોદરાના અટલાદરા સ્થિત BAPS સ્વામિનારાયણ મંદિરે જનજાગૃતિ કાર્યક્રમ યોજાયો હતો. વડોદરાના સાંસદ ડૉ. હેમાંગભાઈ જોષીએ દીપ પ્રાગટ્ય કરીને કાર્યક્રમનો પ્રારંભ કરાવ્યો અને યુવાનોને વ્યસનમુક્ત જીવન જીવવાનો સંદેશ આપ્યો હતો. BAPS યુવક મંડળના 1,250થી વધુ યુવાનોએ તમાકુ, દારૂ અને અન્ય નશીલા પદાર્થોથી દૂર રહેવાની પ્રતિજ્ઞા લીધી હતી. ઉપરાંત દેશભરના BAPSના 60 જેટલા કેન્દ્રોમાંથી 30 હજારથી વધુ યુવાનો પણ આ અભિયાન સાથે જોડાયા હતા. સંતોએ વ્યસનમુક્ત સમાજના નિર્માણમાં યુવાશક્તિની ભૂમિકાને મહત્વપૂર્ણ ગણાવી હતી.

**બે ઘર મારા નામે કરી દે, નહીં તો તલાક આપી રસ્તે રખડતી કરી દઈશ' તેવી ધમકી**

# પ્રેમમાં પતિ બન્યો બેવફા...! પત્નીને તરછોડીને સાળી સાથે લગ્ન કરી લીધા

**પતિ** પર શારીરિક-માનસિક ત્રાસ, નાની બહેને પણ આપી ધમકી આપી હોવાનો મહિલાનો આક્ષેપ

(પ્રતિનિધિ) વડોદરા તા.2

વડોદરા શહેરમાં સંબંધોની મર્યાદા તૂટે તેવી ચોંકાવનારી ઘટના સામે આવી છે. બે સંતાનોની માતા બનેલી પરિણીતાએ પોતાના જ પતિ અને નાની બહેન સામે ગંભીર આક્ષેપો સાથે મહિલા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. પતિએ પત્નીને શારીરિક માનસિક ત્રાસ આપી તેની નાની બહેન સાથે બીજા લગ્ન કરી લીધા હતા અને ત્યારબાદ પત્નીની મિલકત પોતાના નામે કરાવવા દબાણ કરવા સાથે તલાક અને મુશ્કેલી ઊભી કરવાની ધમકીઓ આપી હતી. સમાધાનના અનેક પ્રયાસો કર્યા છતાં નિષ્ફળ જતાં આખરે મામલો પોલીસ સુધી પહોંચ્યો છે.

વડોદરા શહેરમા રહેતી મહિલાની ફરિયાદ મુજબ વર્ષ 2009માં કોર્ટ મેરેજ તેમજ મુસ્લિમ શરીયત મુજબ લગ્ન થયા બાદ દંપતીનું દાંપત્ય જીવન શરૂઆતમાં સુખમય રહ્યું હતું અને તેમને બે પુત્રો છે. જોકે નવેમ્બર-2024થી પતિના વર્તનમાં બદલાવ આવ્યો હતો. પત્ની પર શંકા રાખી તેને ઘરમાં પૂરી બહારથી તાળું મારી જતો હતો, ફોન પણ પોતાની સાથે લઈ જતો અને નાની-નાની બાબતે મારઝૂડ તેમજ શારીરિક માનસિક ત્રાસ આપતો હતો.

આ દરમિયાન પત્નીને પતિના મોબાઈલમાં પોતાની જ નાની બહેન સાથેના મેસેજ જોવા મળતા બંને વચ્ચે ઝઘડા શરૂ થયા હતા. તપાસ કરતાં પતિ અને નાની બહેન વચ્ચે પ્રેમસંબંધ હોવાનું સામે આવ્યું હતુ. પત્નીએ વિરોધ કરતાં પણ પતિએ સંબંધ તોડવાનો ઈનકાર કર્યો અને ત્રાસ વધાર્યો હતો. પતિએ પિયરપક્ષ તરફથી મળેલા સોનાના દાગીના ફાઈનાન્સમાં મૂકવાના બહાને લઈ લીધા અને બાદમાં રાવપુરા રોડ પર આવેલા મેરેજ બ્યુરોમાં પત્નીની નાની બહેન સાથે બીજા લગ્ન કરી લીધા હતા. ત્યારબાદ પતિ અલગ રહેવા જતો રહ્યો, પત્ની અને બાળકોનો ખર્ચ આપવાનું બંધ કરી દીધું તેમજ ફોન નંબર પણ બ્લોક કરી દીધો હતો. પત્ની અન્ય નંબર પરથી સંપર્ક કરતી ત્યારે પતિ કથિત રીતે કહેતો હતો કે તારા નામે બે ઘર છે, તે મારા નામે કરી દે તો જ હું તારી સાથે રહીશ, નહીં તો તને તલાક આપી રસ્તે રખડતી કરી દઈશ. એટલું જ નહીં, પત્નીને ગાળો આપી વારંવાર ધમકીઓ આપતો હતો. બીજી તરફ, મહિલાની નાની બહેને પણ ધમકી આપતાં કહ્યું અસલમ મારો જ છે, તું તેને છોડી દે, બીજા લગ્ન કરી લે અને તારા નામે જે મકાન છે તે અસલમના નામે કરી દે, નહીં તો તને અને તારા દીકરાઓને જીવન જીવવું મુશ્કેલ કરી દઈશ. કોઈ નિરાકરણ ન આવતાં આખરે પતિ અને નાની બહેન સામે મહિલા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે.

## આજવા રોડ પર વિશાળ ભૂવો પડતાં વાહનચાલકોમાં ભય

(પ્રતિનિધિ) વડોદરા તા.2

વડોદરાના વ્યસ્ત આજવા રોડ પર સરદાર એસ્ટેટ નજીક આવેલા સીએનજી અને પેટ્રોલ પંપ પાસે વિશાળ ભૂવો પડતાં વાહનચાલકો અને સ્થાનિકોમાં ચિંતા ફેલાઈ છે. સતત વરસાદના કારણે રસ્તો ધોવાઈ જતાં આ જોખમી ભૂવો વધુ મોટો બન્યો હોવાનું સ્થાનિકો જણાવી રહ્યા છે. સુરક્ષા માટે સ્થળ પર પતરાં અને આડશ મૂકવામાં આવ્યા છે, પરંતુ વરસાદી પાણી ભરાઈ જતાં ભૂવો દેખાતો ન હોવાથી અકસ્માતનો ભય વધી ગયો છે. સ્થાનિકોના જણાવ્યા મુજબ થોડા દિવસ પહેલાં એક બાઈકચાલક પણ ભૂવામાં ખાબકતાં સદનસીબે બચી ગયો હતો. વધુ વરસાદ પડ્યે ભૂવો વધુ પહોળો થવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે. આ સ્થિતિને પગલે સ્થાનિકોએ વડોદરા મહાનગરપાલિકાને તાત્કાલિક સમારકામ હાથ ધરી કોઈ મોટી જાનહાનિ સર્જાય તે પહેલાં રસ્તો સુરક્ષિત બનાવવાની માંગ કરી છે.

# શહેરમાં ૨૪ કલાકમાં ૩ ઘરફોડ ચોરી, લાખોનો મુદ્દામાલ તસ્કરો ઉઠાવી ગયા

**અકોટા** અને સમામાં બંધ મકાનોને નિશાન બનાવ્યા, સોના-ચાંદીના દાગીના અને રોકડની ચોરી

**પાણીગેટમાં** દુકાન તોડી ચોરી બાદ ફ્રિજને આગ ચાંપી

(પ્રતિનિધિ) વડોદરા, તા. 2

વડોદરા શહેરમાં છેલ્લા 24 કલાક દરમિયાન ઘરફોડ ચોરીના ત્રણ અલગ-અલગ બનાવો સામે આવતા પોલીસ દોડતી થઈ છે. તસ્કરોએ અકોટા અને સમા વિસ્તારમાં બંધ મકાનોને નિશાન બનાવી સોના-ચાંદીના દાગીના અને રોકડની ચોરી કરી હતી, જ્યારે પાણીગેટ વિસ્તારમાં પ્રોવિઝન સ્ટોરમાં ચોરી કર્યા બાદ ફ્રિજને આગ ચાંપી નુકસાન પહોંચાડ્યું હતું. ત્રણેય બનાવોમાં પોલીસે BNSની વિવિધ કલમો હેઠળ ગુના નોંધી તપાસ શરૂ કરી છે.

અકોટા પોલીસમાં નોંધાયેલી ફરિયાદ મુજબ, સિદ્ધિ એપાર્ટમેન્ટ, મીરા કોલોનીમાં રહેતા અલીમુદ્દીન સૈયદના બંધ ફ્લેટનો નકુચો તોડી તસ્કરો અંદર ઘૂસ્યા હતા. ઘરમાં સામાન વેરવિખેર કરી સોના-ચાંદીના દાગીના અને રોકડ સહિત કુલ રૂ.1.63 લાખનો મુદ્દામાલ ચોરી ગયા હતા.

બીજા બનાવમાં પાણીગેટના બાવચાવાડ વિસ્તારમાં આવેલી કૃષિવ પ્રોવિઝન સ્ટોરના દરવાજાનું તાળું તોડી ચોરોએ પાન-પડીકીઓ, કોલ્ડ ડ્રિંક્સ, રૂ.5 હજારની રોકડની ચોરી કરી હતી. ઉપરાંત દુકાનમાં રહેલા ત્રણ ફ્રિજને જ્વલનશીલ પદાર્થ વડે સળગાવી અંદાજે રૂ.54 હજારનું નુકસાન પહોંચાડ્યું હતું.

ત્રીજા બનાવમાં સમાના ચાણક્યપુરી ચાર રસ્તા નજીક નીલતરંગ સોસાયટીના બંધ મકાનમાંથી તસ્કરોએ 15.01 ગ્રામ સોનાના દાગીના, 87 ગ્રામ ચાંદીના દાગીના અને રૂ.8 હજાર રોકડ મળી કુલ રૂ.1.39 લાખનો મુદ્દામાલ ચોરી લીધો હતો. પોલીસે ત્રણેય સ્થળેથી પુરાવા એકત્ર કરી આસપાસના સીસીટીવી ફૂટેજના આધારે તસ્કરોને ઝડપી પાડવા તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે.

# મ્યુ. કમિશનરનો આદેશ... અધિકારી માટે માત્ર 'Seen'?



વડોદરા મહાનગરપાલિકામાં એક રસપ્રદ સિસ્ટમ ચાલતી હોય એવું લાગી રહ્યું છે. કમિશનર આદેશ આપે, અધિકારી "આજે રાત્રે કામ થઈ જશે" એવો જવાબ આપે... અને પછી કંઈ જ ન થાય!

હરણી મોટનાથ રોડ પર નિયમ વિરુદ્ધ બનાવાયેલા અને માર્કિંગ વગરના સ્પીડ બ્રેકર્સને કારણે ગયા રવિવારે એક અકસ્માત થયો. નાગરિકે ફરિયાદ કરતાં કમિશનરશ્રી તરત એક્શનમાં આવ્યા અને અધિકારીને સૂચના આપી. અધિકારીએ પણ તાત્કાલિક ખાતરી આપી કે કામ આજે જ પૂર્ણ થશે.

પણ થયું શું? કામ થયું નહીં.

નાગરિકે ફરી ફરિયાદ કરતાં કમિશનરશ્રીએ અધિકારીનો મોબાઈલ નંબર જ ફરિયાદીને મોકલી આપ્યો.


સાહેબ, અધિકારી પાસેથી કામ લેવડાવવાની જવાબદારી પ્રજાની છે કે કમિશનરની?

જો અધિકારીઓ કમિશનરના આદેશને પણ ગંભીરતાથી ન લેતા હોય, તો પછી સામાન્ય નાગરિકની ફરિયાદની શું સ્થિતિ હશે, તેનો અંદાજ લગાવવો મુશ્કેલ નથી.

હવે જો ખરેખર સંદેશો આપવો હોય, તો અધૂરા વચનો નહીં, જવાબદાર અધિકારીઓ સામે કાર્યવાહી દેખાવી જોઈએ. બાકી "કામ થઈ જશે"ના મેસેજથી રસ્તા સુરક્ષિત બનતા નથી.

ગુજરાતમિત્ર વડોદરાની ગપસપ

### 'હું જ હોશિયાર!'ની માનસિકતા ભારે પડી...? પોલીસ સ્ટેશનમાં PI સાહેબની સ્ટાઈલ ચર્ચામાં



વડોદરાના એક પોલીસ સ્ટેશનમાં બહારથી બદલી થઈને આવેલા નવા PI સાહેબ પોતાની કામગીરી કરતાં વધુ પોતાના "હું જ બધું જાણું છું" વલણને કારણે ચર્ચામાં હોવાનું પોલીસ બેડામાં ચર્ચાઈ રહ્યું છે.

કહેવાય છે કે સાહેબને સલાહ આપવી એટલે જાણે ગુનો કરવો! સ્ટાફનો વર્ષોનો અનુભવ હોય કે અધિકારીઓની સૂચના, બધું જ તેમની નજરે ગૌણ. પરિણામે પોલીસ સ્ટેશનમાં ટીમવર્ક કરતાં "વન મેન શો" વધુ જોવા મળી રહ્યો હોવાની ચર્ચા છે.

સૂત્રોનું કહેવું છે કે નાના-મોટા દરેક કામમાં સહકર્મચારીઓને ઉતારી પાડવાની ટેવને કારણે અસંતોષ વધી રહ્યો છે. કેટલાક કર્મચારીઓ તો કંટાળીને જીભાજોડી સુધી પહોંચી ગયા હોવાની પણ ચર્ચા છે. પોલીસ સ્ટેશનમાં હવે ગુનેગારો કરતાં સ્ટાફ જ વધુ સાવધાનીથી ફરતો હોય તેવી ટીખળ પણ સાંભળવા મળી રહી છે.

પોલીસ બેડામાં એવી ચર્ચા છે કે કડક અધિકારી બનવું સારી વાત છે, પરંતુ જો દરેકને અજ્ઞાની અને પોતાને જ સર્વજ્ઞાની માનવાની માનસિકતા હોય તો ટીમનું મનોબળ તૂટે એ સ્વાભાવિક છે. પોલીસ સ્ટેશનમાં કાયદો તો IPC-BNSથી ચાલે, પરંતુ સંચાલન હજુ પણ વિશ્વાસ, સંકલન અને પરસ્પર સન્માનથી જ ચાલે છે.

હવે જોવાનું એ રહેશે કે સાહેબ પોતાનો "હું જ હોશિયાર"નો ચશ્મો ઉતારી ટીમને સાથે લઈને ચાલે છે કે પછી ચર્ચાઓનું સાયરન હજુ લાંબો સમય વાગતું રહે છે.

### જેલની સજા કે ફાઇવ સ્ટાર મજા? સયાજી હોસ્પિટલને લઈને શહેરમાં ઉઠ્યા સવાલો!



ગુનો કરો, પછી બીમાર પડો... અને જો ચર્ચાઓ પર વિશ્વાસ કરીએ તો પછી સીધા સરકારી હોસ્પિટલમાં "વી.આઈ.પી. મહેમાનગતિ"નો આનંદ માણો! શહેરમાં હાલ એવી જ ટીખળ અને ચર્ચાઓ જોર પકડી રહી છે.


કહેવાય છે કે કેટલાક કુખ્યાત આરોપીઓ અને બુટલેગરો માટે હોસ્પિટલ સારવારનું કેન્દ્ર નહીં, પરંતુ જાણે આરામગૃહ બની ગઈ હોય. જેલના સળિયા કરતાં હોસ્પિટલનો બેડ વધુ આરામદાયક લાગે છે, એવી કટાક્ષભરી ચર્ચાઓ પોલીસ અને જાહેર વર્તુળોમાં સાંભળવા મળી રહી છે.

ચર્ચા એવી પણ છે કે બીમારી કરતાં "વ્યવસ્થા" વધુ મજબૂત હોય તો ઘરનું ગરમાગરમ ટિફિન, કલાકો સુધી મુલાકાતીઓ સાથે ગપસપ અને મનગમતી સુવિધાઓ સરળતાથી મળી રહે છે. દર્દીઓ માટે બનાવાયેલી હોસ્પિટલમાં કેટલાક આરોપીઓ જાણે વિશેષ અતિથિ બની જતા હોય એવો ઘાટ સર્જાયો હોવાનું કહેવાય છે.

વ્યંગમાં લોકો કહેવા લાગ્યા છે કે જેલમાં નિયમોનું પાલન કરવું પડે, જ્યારે હોસ્પિટલમાં માત્ર એક મેડિકલ ફાઈલ પૂરતી પડે! જો આવી ચર્ચાઓ સાચી હોય તો કાયદાનો ભય ગુનેગારોને નહીં, પરંતુ નિયમોનું પાલન કરનારા સામાન્ય નાગરિકોને જ રહેવાનો.

સ્વાભાવિક છે કે આ પ્રકારની ચર્ચાઓ હોસ્પિટલની છબી અને સમગ્ર આરોગ્ય વ્યવસ્થા સામે ગંભીર પ્રશ્નો ઊભા કરે છે. જો ખરેખર કોઈ પ્રકારની ગેરરીતિ કે વિશેષ સુવિધા આપવામાં આવતી હોય, તો જવાબદાર તંત્રે નિષ્પક્ષ તપાસ કરીને હકીકતો જાહેર કરવી અને દોષિતો સામે કડક કાર્યવાહી કરવી જરૂરી બની જાય છે. આખરે સરકારી હોસ્પિટલ સારવાર માટે છે કે પછી ચર્ચાઓ મુજબ "સ્પેશિયલ હોસ્પિટાલિટી ઝોન" માટે?

### મલાઈ પહેલાં નોટિસ! બરોડા ડેરીમાં ચૂંટણી પહેલા 'કારણ દર્શક'નો વરસાદ...



સહકારી ક્ષેત્રની સૌથી "મલાઈદાર" ગણાતી બરોડા ડેરીમાં ચૂંટણી નજીક આવતાં દૂધ કરતાં રાજકારણ વધુ ઉકળતું હોવાનું ચર્ચાઈ રહ્યું છે. મતદાન પહેલાં વિકાસના મુદ્દા ઓછા અને કારણ દર્શક નોટિસોના મુદ્દા વધુ ચર્ચામાં હોવાનું સહકારી વર્તુળોમાં ટીખળ સાથે કહેવાઈ રહ્યું છે.

ચર્ચા એવી છે કે ચૂંટણીના મેદાનમાં ઉતરતા પહેલાં કેટલાક ખેલાડીઓને "રનઆઉટ" કરવાની રણનીતિના ભાગરૂપે કારણ દર્શક નોટિસોનો સહારો લેવામાં આવી રહ્યો છે. એક પછી એક નોટિસ ફટકારાતા હવે હજુ વધુ કેટલાક સભ્યો સુધી પણ નોટિસ પહોંચે તેવી અટકળોએ જોર પકડ્યું છે. સહકારી વર્તુળોમાં વ્યંગ સાથે ચર્ચા થઈ રહી છે કે હવે ચૂંટણીમાં દૂધની ગુણવત્તા કરતાં નોટિસોની સંખ્યા વધુ મહત્વની બની ગઈ છે. જાણકારો તો એમ પણ કહે છે કે ચૂંટણી પહેલાં નોટિસ મળવી એટલે રાજકીય સીઝનની "વેલકમ કિટ" સમાન બની ગઈ હોય એવું લાગી રહ્યું છે. બીજી તરફ એવી પણ ચર્ચા છે કે આ વખતે બરોડા ડેરીના પ્રમુખપદનો તાજ છોટાઉદેપુર વિસ્તારના પ્રતિનિધિના માથે સજવાની શક્યતા વધુ છે. જોકે અંતિમ નિર્ણય મતપેટી કરશે કે રાજકીય ગણિત, તે તો આગામી દિવસોમાં સ્પષ્ટ થશે. હાલ તો સહકારી રાજકારણમાં એક જ સવાલ ગુંજી રહ્યો છે–દૂધની મલાઈ કોને મળશે અને નોટિસની મીઠાઈ કોના ભાગે આવશે?

# તેન તળાવ પાણીથી છલકાયું, ડભોઈ પંથકમાં આનંદની લહેર



(પ્રતિનિધિ) વડોદરા. તા.૨

ચોમાસાની મેહરબાનીથી ડભોઈ તાલુકાનું ઐતિહાસિક તેન તળાવ વર્ષો બાદ ફરી પાણીથી છલોછલ ભરાઈ જતાં સ્થાનિકોમાં આનંદની લાગણી છવાઈ ગઈ છે. લાંબા સમય બાદ તળાવમાં નવા નીરની આવક થતાં સમગ્ર વિસ્તાર હરિયાળો બન્યો છે અને કુદરતી સૌંદર્યમાં વધારો થયો છે. તળાવના મનોહર દૃશ્યો નિહાળવા માટે લોકો મોટી સંખ્યામાં ઉમટી રહ્યા છે.

તાજેતરમાં તંત્ર દ્વારા તળાવના ઘાટ અને પગથિયાંનું સમારકામ પૂર્ણ કરવામાં આવ્યું હતું. હવે પાણીથી ભરાયેલા તળાવને કારણે આ સ્થળ સ્થાનિકો અને પ્રવાસીઓ માટે આકર્ષણનું કેન્દ્ર બન્યું છે. ગ્રામજનોના જણાવ્યા મુજબ, વર્ષો પછી તળાવ તેના મૂળ સ્વરૂપમાં પરત ફરતાં વિસ્તારના પર્યાવરણને પણ લાભ મળશે. સાથે જ ભૂગર્ભ જળસ્તર ઊંચું આવવાની સંભાવના વધતા ખેડૂતોમાં પણ આશા જાગી છે. તળાવમાં પાણીની સારી આવકને ડભોઈ પંથક માટે કુદરતની અમૂલ્ય ભેટ માનવામાં આવી રહી છે.

# વારસિયામાં મુખ્ય લાઈન તૂટતાં હજારો લીટર પીવાનું પાણી વેડફાયું



(પ્રતિનિધિ) વડોદરા તા.2

વડોદરાના વારસિયા વિસ્તારમાં ઝુલેલાલ મંદિર સામે જાહેર માર્ગ પર પીવાના પાણીની મુખ્ય લાઈન અચાનક તૂટી જતાં હજારો લીટર શુદ્ધ પાણીનો વેડફાટ થયો હતો. લાઈનમાંથી સતત પાણી વહેતા રસ્તા પર પાણી ફરી વળ્યું હતું, જેના કારણે મંદિર આવતા શ્રદ્ધાળુઓ અને સ્થાનિક રહીશોને અવરજવરમાં ભારે મુશ્કેલી પડી હતી. ખાસ વાત એ છે કે જ્યાં લાઈન તૂટી છે તેની સામે જ સ્થાનિક કાઉન્સિલર પવન હેમનાનીની કાર્યાલય આવેલી હોવા છતાં સમયસર સમારકામ ન થતાં સ્થાનિકોમાં રોષ જોવા મળ્યો હતો. એક તરફ શહેરમાં પાણીના પુરવઠાને લઈને લોકો મુશ્કેલીનો સામનો કરી રહ્યા છે, ત્યારે બીજી તરફ આવી બેદરકારીને કારણે કિંમતી પીવાનું પાણી રસ્તા પર વેડફાતાં લોકોમાં અસંતોષ ફેલાયો છે. સ્થાનિકોએ પાલિકા તંત્રને તાત્કાલિક લાઈનનું સમારકામ કરી પાણીનો વેડફાટ અટકાવવાની માંગ કરી છે.

# શ્વાનને બચાવવા જતાં કાર કેનાલમાં ખાબકી, ચાલકનો આબાદ બચાવ

(પ્રતિનિધિ) વડોદરા તા.2

વડોદરા જિલ્લાના વાઘોડિયા તાલુકામાં અણખોલ ગામ તરફ જવાના માર્ગ પર મોડી રાત્રે એક ગંભીર અકસ્માત સર્જાયો હતો. રસ્તા પર અચાનક આવી ગયેલા શ્વાનને બચાવવાના પ્રયાસમાં મારુતિ સુઝુકી અર્ટિગા કારના ચાલકે સ્ટિયરિંગ પરથી કાબૂ ગુમાવતા કાર સીધી રોડની બાજુમાં આવેલી કેનાલમાં ખાબકી હતી. સદનસીબે અકસ્માતમાં કારમાં સવાર એકમાત્ર ચાલકનો આબાદ બચાવ થયો હતો.

માહિતી મુજબ, રાત્રે અંદાજે 2થી 3 વાગ્યાના સમયે કાર વાઘોડિયાથી અણખોલ તરફ જઈ રહી હતી. તે દરમિયાન અચાનક રસ્તા વચ્ચે શ્વાન આવી જતા ચાલકે વાહન વાળવાનો પ્રયાસ કર્યો હતો. જેના કારણે કાર પરનો કાબૂ ગુમાવતા વાહન કેનાલમાં પડી ગયું હતું. અંધારામાં પણ ચાલકે



હિંમત દાખવી કારમાંથી બહાર નીકળવામાં સફળતા મેળવી હતી.

સ્થાનિકોના જણાવ્યા મુજબ આ માર્ગ પર રાત્રિના સમયે રખડતા પશુઓ અને શ્વાનોને કારણે અગાઉ પણ અકસ્માતો સર્જાયા છે. ગ્રામજનોએ માર્ગની બાજુમાં આવેલી ખુલ્લી કેનાલને સુરક્ષિત બનાવવા રક્ષણાત્મક જાળી લગાવવાની તેમજ વાહનચાલકોને રાત્રિના સમયે વધુ સાવચેતી રાખવાની જરૂરિયાત પર ભાર મૂક્યો છે.